# જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

**જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત ભરૂચ**

**સ્ટેશન રોડ,પાંચબત્તી સર્કલ,ભરૂચ**

**ફોન.નં.02642-244210** **Email :- dpcbharuch@gmail.com**

**dpeobharuch17@gmail.com**

---

ક્રમાંક/જિ.પં/શિક્ષણ/ઈ-૨/વધ-ઘટ/૨૦૨૪/12 84 થી 1295 તા. ૧૭/૦૮/૨૦૨૪

પ્રતિ,

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,

તાલુકા પંચાયત (શિક્ષણ શાખા),તમામ તાલુકા.

જિ.ભરૂચ.

**વિષય:**- વધ-ઘટ બદલી કેમ્પ બાબત.

**સંદર્ભ :**-૧.પ્રાથમિક શિક્ષકોની બદલીઅંગેનો તા.૧૧/૫/૨૦૨૩ નો ઠરાવ તેમજ વખતો વખતના સુધારા.
૨.નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણગુ.રા.ગાંધીનગરની કચેરીનાપત્ર ક્રમાંક પ્રાશિનિ/ક/નીતિ/૨૦૨૪/ ૧૩૦૧-૫૨,તા.૧૬/૦૮/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુંકે સંદર્ભ ૧ ના ઠરાવ અને તેમાં વખતો વખતના સુધારા અન્વયે પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની બદલીઓ અંગેની જોગવાઇઓ નક્કી કરવામાં આવેલ છે. જે સબબ સંદર્ભ ૨ ના પત્રથી માન.નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ગુ.રા. ગાંધીનગર દ્વારા તા.૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતીએ મંજૂર થયેલ મહેકમ અનુસાર વધ-ઘટ બદલી કેમ્પ તા.૨૦/૦૮/૨૦૨૪ થી તા.૨૨/૦૮/૨૦૨૪ સુધીમાં કરવાની સૂચના મળેલ છે,જે અન્વયે ભરૂચ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ મંજૂર મહેકમ સામે વધારાના ફરજ બજાવતા પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની વધ સરભર કરવાનો બદલી કેમ્પ તા.૨૨/૦૮/૨૦૨૪ ને ગુરૂવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભરૂચ,તા.જિ.ભરૂચ ખાતે સવારે ૧૧.૦૦ કલાકે રાખવામાં આવેલ હોય તે અંગેની જાણ સંબધિત શિક્ષકોને આપની કક્ષાએથી લેખિતમાં સૂચનાઓ સહિત કરવા આથી જણાવવામાં આવે છે.

**ખાસ સૂચના**

1. વધ/મૂળ શાળા માંગણી સિવાયના કોઈ શિક્ષક ઉપસ્થિત ન રહે તે અંગેની જાણ તમામ શિક્ષકોને કરવી.
2. કેમ્પમાં ઉપસ્થિત રહેનાર શિક્ષકશ્રીએ પોતાનું ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે
3. વધવાળા શિક્ષકશ્રીએ કેમ્પના સ્થળે અવશ્ય હાજર રહી સ્થળ પસંદ કરવાનું રહેશે અન્યથા કેમ્પ બાદ એક તરફી હુકમ કરવામાં આવશે અને પાછળથી કોઈ હક્ક દાવો કરી શકશે નહીં.
4. શિક્ષક વધના લીધે બદલવામાં આવેલા શિક્ષક/વિદ્યાસહાયકને મૂળ શાળા/તાલુકા માટે સરકારશ્રીના સંદર્ભ ૧.ના ઠરાવની જોગવાઈ મુજબ લાભ મળવાપાત્ર થતો હોય તેવા કિસ્સામાં મૂળ શાળા/તાલુકાનો લાભ લેવા પાત્ર શિક્ષકશ્રીએ આધાર પુરાવા (તમામ પ્રકારના હુકમો) સાથે કેમ્પમાં રૂબરૂ હાજર રહેવાનું રહેશે. વધુમાં કેમ્પમાં હાજર ન રહેનાર શિક્ષક કેમ્પ બાદ મૂળ શાળા/મૂળ તાલુકાનો કોઈ હક્ક દાવો કરી શકશે નહિં. આ બાબતની જાણ લાગુ પડતાં તમામે શિક્ષકોને કરવાની રહેશે.
5. અગાઉ વધ હેઠળની બદલી થયાના હુકમની તારીખ પછી યોજવામાં આવનાર પાંચ વધ- ઘટ બદલી કેમ્પ,વધ પરત કેમ્પ તેમજ આંતરિક માંગણી બદલી કેમ્પ સહિત કુલ પાંચ કેમ્પમાં પ્રથમ ખાલી જગ્યા ઉભી થાય ત્યારે મૂળ શાળામાં પરત આવવાની માંગણી કરી શકશે.
6. મૂળ તાલુકામાં વધ પરતથી આવનાર શિક્ષક દ્વારા કેમ્પમાં તે તાલુકામાં ઉપલબ્ધ જગ્યાઓ પૈકીની કોઈ એક જગ્યાની પસંદગી નહીં કરવામાં આવે અથવા શિક્ષક ગેરહાજર રહે તેવા કિસ્સામાં સંદર્ભ ૧ ના ઠરાવના પ્રકરણ H ની જોગવાઈ - ૨૫ મુજબ તેઓએ મૂળ તાલુકામાં પરત આવવાની તક કાયમી જતી કરેલ ગણાશે અને આ બાબતે સંબંધિત શિક્ષકે આ તક કાયમી જતી કરેલ હોવાની લેખિતમાં સંમતિ આપવાની રહેશે. આ બાબતની નોંધ સબંધિત શિક્ષકશ્રીની સેવાપોથીમાં કરવામાં આવશે. આવી તક જતી કરનાર શિક્ષકને આ જોગવાઈ સંબંધ ભવિષ્યમાં મુળ તાલુકામાં આવવા કોઈ જ અન્ય તક મળવાપાત્ર થશે નહીં.

Scanned with CamScanner

7. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ તા.૩૧/૦૭/૨૦૨૪ ના મંજૂર મહેકમ સામે કેમ્પની તારીખના આગળના દિવસની સ્થિતિએ કામ કરતા શિક્ષકની સ્થિતિએ વધની માહિતી તૈયાર કરવાની રહેશે. સદરહુ વધના શિક્ષકની માહિતી સંબંધિત શિક્ષકશ્રીની સેવાપોથીના આધારે તૈયાર કરી રજૂ કરવાની રહેશે.

૮. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કેમ્પમાં પોતાના તાલુકાના રેકર્ડ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

૯. વધમાં પડતાં શિક્ષકશ્રીને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ તાલુકા કક્ષાએથી વધ કેમ્પમાં હાજર રહેવા અંગેની લેખિત જાણ કરી તેની બજવણી કરી તેનું રેકર્ડ તાલુકા કક્ષાએ રાખવાનું રહેશે. ભવિષ્યમાં જ્યારે જરૂરિયાત પડશે ત્યારે રજૂ કરવાનું રહેશે.

**નોંધ:–** વધ કેમ્પ બાબતે જે કોઈ શિક્ષક/વિદ્યાસહાયકને વાંધો હોય તેવા શિક્ષક/વિદ્યાસહાયકે તા. ૨૧/૦૮/૨૦૨૪ સુધીમાં તેઓના વાંધા અને તે અંગેના આધાર પુરાવા સહિત તેમજ મૂળ શાળા વધ પરત અને મૂળ તાલુકા વધ પરતથી આવનાર શિક્ષકોને જરૂરી તમામ આધાર પુરાવા સહિત અત્રેની જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે, ત્યારબાદ કોઈ પણ શિક્ષકના કોઈ પણ પ્રકારના વાંધા સ્વીકારવામાં આવશે નહીં

-- (SD) --
(સચિન શાહ)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ,ભરૂચ

રવાના કર્યું

નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ,ભરૂચ

**નકલ સવિનય રવાના :-**

- માન.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ગુ.રા. ગાંધીનગરની કચેરી તરફ જાણ સારું

**નકલ જયભારત સહ રવાના:–**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને સભ્યશ્રી વધ-ઘટ બદલી કેમ્પ સમિતિ,ભરૂચ તરફ જાણ સારું.

**નકલ રવાના જાણ સારું:–**

- નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને સભ્યશ્રી વધ-ઘટ બદલી કેમ્પ સમિતિ,ભરૂચ

Scanned with CamScanner